## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

### સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

### પ્રશ્નપત્ર ક્રમાંક–૩ (કુલ માર્ક્સ–૫૦)

**અભ્યાસ ક્રમ – સમાધિતંત્ર : ગાથા ૩૨ થી ૪૪**

---

પરીક્ષાર્થીનું નામ : ............................................................ ઉંમર : ......................

મંડળનું નામ : ............................................... ગામનું નામ : ......................

ફોન નં. : .................................................... તા. ૩૦-૧૨-૨૦૧૮

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ બાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (બે લાઈનમાં) ૨૪**

(૧) હું કઈ રીતે મારા આત્માને પ્રાપ્ત થયો છું ? મેં આત્માને ક્યાંથી હટાવ્યો છે ?

(૨) ઘોર તપ કરવા છતાં હું આત્માને પ્રાપ્ત કેમ થતો નથી ? શરીરથી ભિન્ન આત્માને કેમ જાણતો નથી ?

(૩) અંતરાત્મા જીવ તપ દ્વારા ભયાનક દુષ્કર્મો ભોગવવો હોવા છતાં કેમ ખેદને પ્રાપ્ત થતો નથી ?

(૪) કોનું મન રાગ-દ્વેષના તંરગોથી ચંચળ થતું નથી ? ક્યો જીવ આત્મ તત્ત્વને દેખી શકતો નથી ?

(૫) અવિક્ષિપ્ત મન કેવું છે ? કેવા મનનો આશ્રય કરવો નહીં ?

(૬) રાગથી મન અવશપણે વિક્ષિપ્ત થાય છે ? કઈ રીતે તે સ્થિર થાય છે ?

(૭) કોના મનમાં અપમાનાદિ હોય છે ? કોને તે અપમાન તિરસ્કારાદિ થતા નથી ?

(૮) તપસ્વી આત્માને શું કરવાથી રાગ-દ્વેષ શાંત થઈ જાય છે ?

(૯) કોણ શરીરાદિ વિષયો તરફના પ્રેમને નાશ કરે છે ?

(૧૦) આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલાં દુઃખ શાંત થાય છે ?

(૧૧) ક્યા જીવો દુર્ધર તપ કરવા છતાં નિર્વાણને પ્રાપ્ત કરતા નથી ?

(૧૨) સુંદર શરીર અને સ્વર્ગના વિષયોની અભિલાષા કોણ કરે છે ?

(૧૩) કોણ કર્મ બાંધે છે અને કોણ કર્મબંધનથી મુક્ત થાય છે ?

(૧૪) આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલ દુઃખ કઈ રીતે શાંત થાય છે ?

(૧૫) આ ગ્રંથમાં મુનિરાજની મુખ્યતાથી બધી વાતો બતાવી છે તે અવિરત સમ્યગ્દષ્ટિને કઈ રીતે લાગુ પડે છે ?

**પ્રશ્ન-૨ : નીચે આપેલ પ્રશ્નોમાંથી ત્રણના ઉત્તર આપો. (પાંચ-છ લાઈનમાં)** **૧૨**

(૧) કોણ પોતાને સ્ત્રી-પુરુષ કે નપુંસક માને છે ? કોણ તેમ માનતું નથી ?

(૨) હું મારા આત્માને કઈ રીતે પ્રાપ્ત થયો છું ?

(૩) કોનું મનરૂપી જલ રાગ-દ્વેષાદિ તરંગોથી ચંચળ થતું નથી ?

(૪) અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારો દ્વારા શું થાય છે ? તે સંસ્કારો ક્યા છે ?

**પ્રશ્ન-૩ : ખાલી જગ્યા પૂરો.** **૪**

(૧) જ્ઞાની એટલે અંતરાત્માના રાગાદિ .............ના કહેવાય છે.

(૨) જેનો ઉપયોગ ................ લાગે છે તેને જગતના બધાય પદાર્થો નીરસ લાગે છે.

(૩) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં ............. હો પછી .............. હોય.

(૪) શરીરાદિમાં ............ કરનાર બહિરાત્મા તથા તે દ્વારા .......... અને ............... ભોગોની વાંછા કરે છે.

**પ્રશ્ન-૪ : નીચે આપેલ વિષય ઉપર નિબંધ લખો. (પંદરથી- વીસ લાઈનમાં)** **૧૦**

(૧) અજ્ઞાનતાવશ કોના નિમિત્તે કર્મના બંધ થાય છે. ચર્ચો.

(૨) ધર્મીને અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઈ જાય છે પણ તેનું સ્વામીપણું નથી. ચર્ચો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૨૦-૨-૨૦૧૯ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી